## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

**ના સાહેબ મે પેપર નથી ફોડ્યુ... પેપર ફોડતા આવડતુ હોત તો અમે પોતે આરામથી સરકારી નોકરી કરતા ન હોત...!!**

# સેકટર-૧૬ ખાતે વન સંરક્ષકની કચેરીમાં ત્રીજા માળે આગ ભભુકી ઉઠી

ગાંધીનગર,તા.૧૯

શહેરના સેકટર-૧૬ પાટનગર યોજના ભવન પાસે આવેલી મુખ્ય વન સંરક્ષકની કચેરી ગાંધીનગર વર્તુળ ખાતે ત્રીજા માળે આઈએફએસ સંદીપ કુમારની ઓફિસમાં એસીમાં ધડાકો થઈ આગ લાગતા કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જો કે ફાયર ટીમને કોલ મળતા તાત્કાલીક પહોંચી જઈ ઓફિસનો કાચ તોડી પાણીનો મારો ચલાવી ગણતરીના સમયમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે ઓફિસમાં રહેલો સામાન આગની ઝપેટમાં આવી જતા સ્વાહા થઈ ગયો હતો.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં શોર્ટ સર્કિટથી આગના બનાવમાં વધુ બનતા હોય છે.ત્યારે આજે બપોરના સમયે સેકટર-૧૬ મુખ્ય વન સંરક્ષકની કચેરી ખાતે ત્રીજા માળે આવેલી આઈએફએસ સંદિપકુમારની ઓફીસમાં એસીમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા. જયારે ગણતરીના સમયમાં આગની જવાળાઓએ વિકરાળ સ્વરુપ ધારણ કરતા એક પછી એક ચીજવસ્તુઓ બળીને રાખ થવા લાગી હતી. કચેરીમાંથી ફાયર બિગ્રેડને કોલ કરતા સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી ફાયર જવાનોની ટીમ સાથે પહોંચી ગયા હતા. જો કે અધિકારીની ઓફિસમાં વેન્ટીલેટરની સુવિધા નહી હોવાની વિગત મળતા કચેરીની બહાર સીડી મુકવામાં આવી હતી. ત્યારબાદ ફાયર ઓફિસર કે.જે. ગઢવી સીડી દ્વારા ઉપરના માળ સુધી પહોંચ્યા હતા. ઓફિસનો કાચ તોડતા સમયે તેઓને ઈજા પહોંચી હતી. ફાયર જવાનોએ પાણીનો મારો સતત ચલાવતા ગણતરીના સમયમાં આગ પર કાબુ મેળવી લેવાયો હતો.જયારે કચેરીમાં રહેલો સામાન બળીને રાખ થઈ જતા નુકશાન થવા પામ્યું હતું. જયારે ફાયરની પ્રાથમિક તપાસમાં કચેરી ખાતે ઓવર હીંટીગ કે શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું સામે આવ્યું હતું.

આજરોજ ગાંધીનગર શહેરના પાર્કિંગ અને સ્ટ્રીટ વેન્ડિંગ માસ્ટર પ્લાનની એગ્રીમેન્ટ અંતર્ગત અગત્યની બેઠક મહાનગરપાલિકા ખાતે મળી. જેમાં સ્ટ્રીટ વેન્ડર્સ અને નગરજનોની પાર્કિંગ સમસ્યા અને નિવારણ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી. આ બેઠકમાં ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, સ્ટે. ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, કમિશનરશ્રી જે.એન.વાઘેલા, ડે. કમિશનરશ્રી કેયુરભાઈ જેઠવા, અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી ટૂંકમાં જ રાબેતામુજબ થઈ જશે તેવો દાવો મનપાના સત્તાધીશોએ કર્યો છે.

●ગાંધીનગર શહેરમાં આકરી ગરમી પડી રહી હોવાથી કેટલાક વૃક્ષો સુકાવાના શરૂ થયા છે.

●ભાટ ગામ નજીક સર્વીસ રોડ પર પાર્ક કરેલી ગાડીના કાચ તોડી તસ્કર રૂ. ૧.૫૦ લાખની રોકડ લઈ રફુચક્કર થતાં વિસ્તારમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.

●ગાંધીનગરના ખ-૦ તરફથી ખ-૩ તરફના રોડ પર ગાડીચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો.

●સોની સમાજ દ્વારા બુટ ભવાની માતાજીનો ૧૪મા વર્ષમાં મંગલપ્રવેશ પ્રસંગ નિમિત્તે સ્નેહમિલન સમારોહ યોજાયો.

●દહેગામના ઢોંગી મહાત્માનો પર્દાફાશ થતાં લોકજીભે અનેકવિધ ચર્ચાઓ શરૂ થઈ છે.

●લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા પગરખા વિતરણનો કાર્યક્રમ યોજાયો.

●ગાંધીનગરમાં એક યુવાને પોતાના આપેલા પૈસા પાછા માગતાં ત્રણ શખ્સોએ માર માર્યો.

●કલોલના છત્રાલ ગામે ઓ.એન.જી.સી. વેલના કમ્પાઉન્ડમાંથી ગૌમાંસ મળી આવતાં ચકચાર મચી છે.

●કલોલના બોરીસણા ગામે પોલીસે જુગાર રમતા ૨ શકુનીઓને ઝડપી પાડ્યા.

●સે. ૩૦ ખાતે રસના કોલા ઉપર સુઈ ગયેલા વેપારીનો મોબાઈલ ફોન ચોરાયો.

●વાવોલ ગામના યુવાને ઉછીના આપેલ પૈસા પરત માંગતા બે મિત્રોએ માર માર્યો.

●ગાંધીનગરમાં ગાડીચાલકે બાઈકને આગળથી ટક્કર મારી અકસ્માત સરજયો હોવાની ઘટના સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

●ઓડિશાની ટીમે ગાંધીનગર સિવિલની વિઝીટ કરી હતી.

●પરશુરામ જન્મોત્સવની ઉજવણીને લઈ બ્રહ્મસમાજની બેઠક મળી હતી.

●કલોલ ખાતે હોમીયોપેથી દિવસની ઉજવણી કરવામાં આવી છે.

●ગાંધીનગર મનપામાં અત્યાર સુધીમાં ૮૫૦૦ લોકોએ એડવાન્સ મિલ્કતવેરા પેટે રૂ. બે કરોડ ૬૦ લાખ ભરી દીધા છે.

●ગાંધીનગર શહેરમાં આઈપીએલનો ફિવર સતત વધી રહ્યો છે તેમજ શહેરમાં સમર કેમ્પોના આયોજનો પણ થઈ રહ્યા છે.

# ભાટ એકસપીરીયા બિલ્ડીંગ સામે કારનો કાચ તોડી રૂ.૧.૫૦ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના ભાટ સર્કલ પાસે એકસપીરીયા બિલ્ડીંગમાં કાપડના કમીશનના વેપારીની ગાડીમાંથી રોકડા દોઢ લાખ રૂપીયાની ચોરી થવા પામી છે. ચોર શખ્સો ગાડીનો ડ્રાઈવર સાઈડ પાછળનો દરવાજાનો કાચ તોડી બેગમાં રહેલા રોકડા રૂ.૧.૫૦ લાખ તેમજ જરુરી કાગળો લઈ પલાયન થઈ ગયા છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ઉમેદ હોટલની પાછળ કર્ણાવતી કલાસીક રેસીડેન્સી ખાતે રહેતા મનિષ નાનીકરામ વરધાની પરિવાર સાથે રહે છે.જયારે રાયપુર દરવાજા સફળ-૩ માર્કેટ એચ બ્લોકના ચોથા માળે નાનીક એજન્સી દુકાનનં ૪૦૮ માં છેલ્લા ત્રણ વર્ષથી કાપડના કમીશન એજન્ટ તરીકે કામ કરે છે. તેઓની પાસે કંપાસ ગાડી નં.જી.જે.૦૧.ડબલ્યુ.એચ.-૨૩૪૮ છે. ગાડીનો ઉપયોગ દુકાને આવનજાવન કરવા માટે થાય છે. ગઈકાલે સાંજના સાત વાગ્યાના સુમારે ઘરેથી ભાટ એપોલો સર્કલ નજીક આવેલ રાધે ફોર્ચ્યુનમાં જીમ ખાતે આવ્યા હતા. તેઓ ગાડી પાર્ક કરી જીમમાં ગયા હતા. જયાં સવા કલાક સુધી કસરત કરી હતી.ત્યારબાદ સવા આઠ વાગે ગાડી લઈ એકસપીરીયા બિલ્ડીંગ ખાતે હોટલ હાઉસ ઓફ મકેબા ખાતે જમવા માટે ગયા હતા. જયારે ગાડી સર્વિસ રોડ ઉપર પાર્ક કરી હતી. જમી ને રાત્રે નવ વાગે ગાડી પાસે આવીને દરવાજો ખોલવા માટે જતા ડ્રાઈવર સાઈડ પાછળનો દરવાજાનો કાચ તુટેલો હતો.

જયારે તેઓએ ગાડીમાં પાછળની સીટમાં મુકેલી કાળા કલરની બેગ દેખાઈ ન હતી. કોઈ ચોર શખ્સ કાચ તોડી ચોરી કરી લઈ ગયાનું જણાયું હતું. જયારે બેગમાં રૂ.૧.૫૦ લાખ રોકડા હતા જેમાં ૨૦૦૦ એ રૂ.૫૦૦ ની ચલણીનોટ હતી. જયારે બેગમાં આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ જયારે તેમના દિકરા કનીકનું આધારકાર્ડ તેમજ તેમની પત્ની રોશનીનું ઈલેકશન કાર્ડ હતું. બનાવ અંગે યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

ઉનાળાની ગરમી વધતા સરીસૃપોની ચહલપહલ વધી છે. બફારો લાગતા જમીન નીચે રહેતા સરીસૃપો બહાર નીકળવા લાગ્યા છે. ખ-૩ સર્કલ ઉપર લગાવાયેલા બેરીકેટ્સ ઉપર ગઈકાલે રાત્રે મસમોટો સાપ ચઢી ગયો હતો. નજીકમાં જ ફરજ પર તહેનાત હોમગાર્ડ જવાનો સતર્ક થઈ ગયા હતા. જો કે થોડીવાર પછી જાતે જ સાપ બેરીકેટ્સ પરથી ઉતરીને જંગલ વિસ્તારમાં જતો રહ્યો હતો.

# સે-૧૬ આર વર્લ્ડની પાછળ રૂપીયાની ઉઘરાણી મુદ્દે બે મિત્રો વચ્ચે મારામારી

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૧૬ આર વર્લ્ડ સિનેમાની પાછળ ભીમનાથ ઓટો ગેરેજ પાસે પૈસાની લેતી દેતી મુદ્દે બે મિત્રો વચ્ચે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા.

તારે કેટલાક પૈસા લેવાના નીકળે છે, બીજા મિત્રોને કેમ કહે છે કે હું તને રૂપીયા આપતો નથી.

હવે એક પણ રૂપીયો નહી આપુ તારાથી જે થાય તે કરી લેજે કહી ઉશ્કેરાઈ જઈ એક મિત્રને માથાના ભાગે લોખંડની પાઈપ મારતા ઈજા પહોંચતા સારવાર માટે લઈ ગયા હતા.

બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે સામસામે ફરીયાદ નોંધાતા આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના વાવોલ નીલકંઠ ઓસીયન ખાતે રહીને દરજી કામ કરતા જીગર વિનોદ દરજીએ ફરીયાદમાં દાવો કર્યો છે કે આશરે છ એક માસ અગાઉ તેના મિત્ર હર્ષ વ્યાસાને શેર બજારમાં રોકાણ માટે પૈસાની જરુર હોવાથી તેની માંગ મુજબ રૂપીયા રોકડા આપ્યા હતા.પરંતુ ઉઘરાણી કરવા છતા રૂપીયા પરત આપતો ન હતો. ત્યારે ગઈ કાલે જીગર સેકટર-૧૬ આર વર્લ્ડ સિનેમાની પાછળના ભાગે ભીમનાથ ઓટો ગેરેજ ખાતે એકટીવા રીપેરીંગ માટે ગયો હતો.

ત્યાં હર્ષ દવેન્દ્રભાઈ વ્યાસા (રહે બ્લોક.૩-૩૦ સરદાર પટેલ હાઉસીંગ કોલોની સે-૧૪) તેમજ તેનો મિત્ર સુલતાન (રહે સે-૧૪)જીગર જોડે ગયા હતા. હર્ષ ગાળાગાળી કરી કહેવા લાગ્યો હતો કે તારે કેટલા પૈસા લેવાના નીકળે છે. લોકોને કેમ કહે છે કે હુ તને પૈસા આપતો નથી. હવે પૈસા નહી મળે તારાથી થાય તે કરી લે કહીને બાજુમાં પડેલુ પ્લાસ્ટીકનું ટેબલ માર્યું હતું.જયારે સુલતાન પાસેથી પાઈપ લઈને માથાના ભાગે મારતા જીગર નીચે પડી ગયો હતો. જયારે સુલતાને ગડદાપાટુનો માર માર્યો હતો.

જયારે ઈન્ફોસીટી કોલ સેન્ટરમાં નોકરી કરતા હર્ષ વ્યાસાએ ફરીયાદમાં દાવો કર્યો છે કે આજથી દોઢ વર્ષ જીગરને દરજીકામની દુકાન શરુ કરવા માટે ઉછીના સાડા ત્રણ લાખ રૂપીયા આપ્યા હતા. જયારે જીગર મારા રૂપીયા અન્ય વ્યકિતઓને વ્યાજે આપતો હોવાનું જાણવા મળતા મે મારા રૂપીયા પરત માંગ્યા હતા.

જેથી જીગરે રૂ.૧.૪૦ લાખ પરત આપ્યા હતા. પરંતુ બીજા રૂપીયા પરત આપતો ન હતો. જેથી મિત્રતા ભાવે સેકટર-૧૬ ખાતે જીગરને પૈસાનુ પુછપરછ કરતા તે એકદમ ઉશ્કેરાઈ જઈ લોખંડની પાઈપ વડે હુમલો કર્યો હતો. જયારે તેના અન્ય મિત્રોએ પણ માર માર્યો હતો. બંને સામસામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# સી.આર.પી.એફ કેમ્પમાં ગાર્ડનો ગોળી મારી આપઘાત

ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગરના ચિલોડા માર્ગ પર આવેલા સીઆરપીએફ કેમ્પમાં જવાને સર્વિસ ગનથી ગોળી મારી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના સીઆરપીએફ કેમ્પ ખાતે સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા કિશનભાઈ મોહનભાઈ રાઠોડ ક્યુએટી બેરેકમાં સુઈ રહ્યા હતા તે સમયે જ અચાનક પોતાની સર્વિસ ગનથી આત્મહત્યાની ઘટના પ્રકાશમાં આવતા સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા. અમદાવાદના બિલાસીયા ગામના વતની કિશનભાઈનો પરિવાર રખીયાલ સુરધારા સોસાયટી ખાતે રહે છે. જયારે એક વર્ષ પછી કિશનભાઈ રીટાયર્ડ થવાના હતા.જયારે તાજેતરમાં પરિવારને મળવા માટે ગયા હતા. જયારે આજે તેઓ પોતાની ફરજ પર હાજર હતા તે સમયે ક્યુએટીમાં પલંગ પર સુતા સુતા જ સર્વિસ ગનથી ગોળી મારી જીવન ટુંકાવી દીધુ હતું. કેમ્પસમાં અચાનક ફાયરીંગનો અવાજ આવતા સાથી જવાનો પણ સ્થળ પર દોડી આવ્યા હતા.જયારે ઉચ્ચ અધિકારીઓને પણ જાણ કરવામાં આવી હતી. ત્યારે છેલ્લા ઘણા સમયથી કિશનભાઈના પગનું હાડકુ વધી રહ્યું હતું. જે બિમારીના પગલે કિશનભાઈ પીડાઈ રહ્યા હતા. પરિવારની પુછપરછ કરતા હાલમાં કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી. જયારે સહ કર્મચારીઓની પણ પુછપરછ કરવામાં આવી રહી છે. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર ઝોનના વિભાગીય નાયબ નિયામકશ્રીની માણસાની મુલાકાત

ગાંધીનગર,તા.૧૯

આજ રોજ માણસા તાલુકા ના સોજા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના બાલવા સબસેન્ટર ખાતેના મમતા સેશન માં ગાંધીનગર ઝોન ના વિભાગીય નાયબ નિયામકશ્રી ડૉ.એસ.કે.મકવાણા , મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. એ.જે. વૈષ્ણવ, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. પી. ડી. પાટીલ દ્વારા સુપર વિઝન કરવામાં આવેલ.આ મુલાકાત દરમ્યાન વિભાગીય નાયબ નિયામકશ્રી ડૉ. એસ. કે. મકવાણા આવનાર તમામ સગર્ભા અને ધાત્રી બહેનો ને રસીકરણ અને બાળકોની સાચવણી અંગેનું આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ અને આશા બહેનો, ફિમેલ હેલ્થ વર્કર ને સરકારશ્રીની યોજના અને વિવિધ કાર્યક્રમો નું માર્ગદર્શન આપેલ. ત્યાર બાદ માણસા તાલુકાના ચરાડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ની ગાંધીનગર ઝોન ના વિભાગીય નાયબ નિયામકશ્રી ડૉ. એસ. કે. મકવાણા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. એ.જે. વૈષ્ણવ, જીલ્લા ક્ષય અધિકારી શ્રી ડૉ.દીપક પટેલ ,તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.પી.ડી.પાટીલ દ્વારા મુલાકાત કરવામાં આવેલ.આ મુલાકાત દરમ્યાન વિભાગીય નાયબ નિયામકશ્રી ડૉ. એસ. કે. મકવાણા દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્રની તમામ કામગીરી અંગે સ્ટાફ સાથે સમીક્ષા કરેલ.ત્યારબાદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ના તમામ દાંત વિભાગ, લેબર રૂમ, ફિજીયો થેરાપી રૂમ,દવા રૂમ, ઓપીડી વિભાગ, લેબોરેટરી વિભાગ, ગાયનેક વિભાગની મુલાકાત કરીને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપેલ.આ મુલાકાત દરમ્યાન ચરાડા ગામના ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર કીટ સાહેબશ્રી ના હસ્તે આપવામાં આવી હતી. ત્યારબાદ આજ રોજ માણસા તાલુકાના માણસા સબ ડિસ્ટ્રીક હોસ્પિટલની મુલાકાત કરવામાં આવેલ.

શિહોલી મોટી ગ્રામ પંચાયતમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરની છબી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે સરપંચ, તલાટી સદસ્ય હાજર રહ્યા હતા.

# સે-૨૪ ખાતે સર્જનાત્મક મહેંદી સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૯

બહેનો - દિકરીઓની કળાશક્તિ બહાર આવે તેના ભાગરૂપે આગામી તા. ૩૦મી એપ્રિલે, રવિવારના દિવસે બપોરે ૨:૩૦ કલાક દરમિયાન મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી સર્જનાત્મક મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. આ સ્પર્ધામાં ૧૫ થી ૩૫ વર્ષ સુધીના બહેનો દિકરીઓ ભાગ લઈ શકશે. મહેંદી સ્પર્ધામાં આયોજક દ્વારા મહેંદી કોન, ટીશ્યુ પેપર અને સર્ટિફિકેટ આપવામાં આવશે. સહભાગી બહેનો - દિકરીઓએ પોતાના મિત્રના હાથ પર મહેંદી દોરવાની રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક લોકોએ ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭ પર ફોર્મ ભરીને, રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ જણાવવામાં આવેલ છે. સ્પર્ધામાં અવર ગાંધીનગર અને કેશર ફાઉન્ડેશનનો વિશેષ સહયોગ રહેશે.

# લોહીનો વેપાર કરતી માતા સામે સગીરાની ફરિયાદ, અભયમ્‌ની ટીમ મદદે પહોંચી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના વાવોલ ખાતે પરણિતાના આડા સંબંધોનો ભાંડો ફૂટી જતા પતિએ તરછોડી હતી. સગીરાએ માતાના દેહ વ્યાપારનો વિરોધ કરતા માતાએ સગીરાને મારઝૂડ કરીને ઘરમાં પૂરી દીધી હતી. સગીર દિકરીએ આખરે કંટાળીને ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનને ફોન કરતા સગીરાને મુક્ત કરાઈ હતી.

સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવતા વાવોલ ખાતે ૧૬ વર્ષની સગીરાએ માતાના ત્રાસથી બચવા અભયમ્ ૧૮૧ની મદદ માંગી હતી. પરણિતાના અન્ય પુરૂષો સાથેના સંબંધોનો ભાંડો ફૂટી જતા પતિએ તરછોડી હતી.

૧૮ વર્ષના લગ્નજીવનમાં ૧૬ વર્ષની દીકરી અને ૧૦ વર્ષનો દીકરો છે. પત્નીએ ભરણપોષણની લાલચમાં સંતાનો પતિને સોપ્યા ન હતા. પતિ તેમના માતા-પિતા સાથે રહેતા રસ્તો મોકળો થતા પત્નીએ ઘરે જ દેહ વ્યાપાર શરૂ કર્યો હતો. ઘરે આવતા પુરૂષો ૧૬ વર્ષની સગીરા સામે પણ વિકૃત નજરે જોતા હતા. દીકરીએ માતાનો વિરોધ કરતા માતાએ મારઝૂડ શરૂ કરી હતી અને રૂમમાં પૂરીને તાળુ મારી દતી હતી.

છેવટે માતાના ત્રાસથી કંટાળીને સગીરાએ મંગળવારે અભ્યમ્ ૧૮૧ને ફોન કરીને મદદ માગી હતી. અભયમ્‌ની ટીમે બનાવના સ્થળે પહોંચીને સગીરાને બહાર કાઢી હતી અને સાચી વાત જાણી હતી.

અભયમની ટીમે માતાને ફોન કરીને ઘેર આવવા કહ્યુ હતુ. ત્યારે માતાએ અમાન્ય ભાષામાં વાત કરતા કહ્યું હતું કે છોકરીને લઈ જવી હોય તો લઈ જાય. આ વાત સાંભળીને અભયમની ટીમ પણ અવાક બની ગઈ હતી. પિતાને પણ ફોન કરવામાં આવ્યો હતો પરંતુ તેમનો ફોન બંધ આવતો હતો. સગીરા માતા સાથે રહેવા માગતી ન હોવાથી અભયમની ટીમે 'ચાઈલ્ડ હેલ્પ લાઈન'નો સંપર્ક કર્યો હતો. તેમજ સગીરાને સખી વન સ્ટોપમાં આશ્રયગૃહમાં આશરો આપવામાં આવ્યો હતો.